પ્રકરણ 3

# યામભૂમિતિ

## વિહંગાવલોકન

### મુખ્ય સંકલ્પનાઓ અને પરિણામો

- કાર્તેઝિય પદ્ધતિ
- યામાક્ષો
- ઊગમબિંદુ
- ચરણ
- કોટિ
- ભુજ
- બિંદુના યામ
- ક્રમયુક્ત જોડ
- યામ સમતલમાં બિંદુનું નિરૂપણ :

- યામ સમતલમાં $x$-અક્ષ સમક્ષિતિજ રેખા છે અને $y$-અક્ષ શિરોલંબ રેખા છે.
- યામાક્ષો સમતલને ચાર ભાગમાં વિભાજિત કરે છે. તે દરેકને ચરણ કહે છે.
- બે અક્ષોના છેદબિંદુને ઊગમબિંદુ કહેવાય છે.
- બિંદુથી $y$-અક્ષ સુધીના યોગ્ય દિશામાં અંતરને $x$-યામ અથવા કોટિ અને બિંદુથી $x$-અક્ષ સુધીના યોગ્ય દિશામાં અંતરને $y$-યામ અથવા ભુજ કહેવાય છે.
- $(x, y)$ બિંદુમાં $x$ ને કોટિ અને $y$ ને ભુજ કહેવાય.
- $x$-અક્ષ પરના પ્રત્યેક બિંદુનું સ્વરૂપ $(x, 0)$ અને $y$-અક્ષ પરના પ્રત્યેક બિંદુનું સ્વરૂપ $(0, y)$ છે.
- ઊગમબિંદુના યામ $(0, 0)$ છે.
- પ્રથમ ચરણમાં બિંદુના યામ $(+, +)$, બીજા ચરણમાં $(–, +)$, ત્રીજા ચરણમાં $(–, –)$, અને ચોથા ચરણમાં $(+, –)$ સ્વરૂપનાં ચિહ્ન ધરાવે છે.

**વિધાન સત્ય બને તે રીતે આપેલા ચાર વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી નીચેના પ્રશ્નની ખાલી જગ્યા પૂરો :**

**ઉદાહરણ 1 :** જે બિંદુઓ (ઊગમબિંદુ સિવાય)ના કોટિ અને ભુજ સમાન હોય, તો તે .......... હશે :

(A) માત્ર I ચરણમાં (B) I અને II ચરણમાં (C) I અને III ચરણમાં (D) II અને IV ચરણમાં

**ઉકેલ :** જવાબ (C)

## સ્વાધ્યાય 3.1

**વિધાન સત્ય બને તે રીતે આપેલા ચાર વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ક્રમાંક 1 થી 24 વાળા પ્રશ્નોની ખાલી જગ્યા પૂરો :**

**1.** બિંદુ (–3, 5) .......... આવેલું છે.

(A) પ્રથમ ચરણમાં (B) બીજા ચરણમાં (C) ત્રીજા ચરણમાં (D) ચોથા ચરણમાં

**2.** બીજા ચરણમાં આવેલા બિંદુની કોટિ અને ભુજનાં ચિહ્ન અનુક્રમે .......... છે.

(A) +, + (B) –, – (C) –, + (D) +, –

**3.** બિંદુ (0, –7) .......... આવેલું છે.

(A) $x$-અક્ષ પર (B) બીજા ચરણમાં (C) $y$-અક્ષ પર (D) ચોથા ચરણમાં

**4.** બિંદુ (–10, 0) .......... આવેલું છે.

(A) $x$-અક્ષની ઋણ દિશામાં $x$-અક્ષ પર (B) $y$-અક્ષની ઋણ દિશામાં $y$-અક્ષ પર

(C) ત્રીજા ચરણમાં (D) ચોથા ચરણમાં

**5.** $x$- અક્ષ પરનાં બધાં બિંદુ માટે કોટિ .......... છે.

(A) 0 (B) 1 (C) 2 (D) કોઈ પણ સંખ્યા

**6.** $x$- અક્ષ પરનાં બધાં બિંદુ માટે ભુજ .......... છે.

(A) 0 (B) 1 (C) –1 (D) કોઈ પણ સંખ્યા

**7.** બે યામાક્ષો જે બિંદુમાં મળે છે તે બિંદુને .......... કહેવાય છે.

(A) કોટિ (B) ભુજ (C) ઊગમબિંદુ (D) ચરણ

**8.** જે બિંદુના બંને યામ ઋણ હોય તે ....... માં હશે.

(A) I ચરણ (B) II ચરણ (C) III ચરણ (D) IV ચરણ

**9.** બિંદુઓ (1, –1), (2, –2), (4, –5), (–3, –4) .......... હોય.

(A) II ચરણમાં (B) III ચરણમાં

(C) IV ચરણમાં (D) એક જ ચરણમાં આવેલાં

**10.** જો બિંદુનો $y$ - યામ શૂન્ય, હોય તો બિંદુ હંમેશાં .......... હશે.

(A) I ચરણમાં (B) II ચરણમાં (C) $x$-અક્ષ પર (D) $y$-અક્ષ પર

**11.** બિંદુઓ (–5, 2) અને (2, –5) .......... માં હશે.

(A) સમાન ચરણ (B) અનુક્રમે II અને III ચરણ

(C) અનુક્રમે II અને IV ચરણ (D) અનુક્રમે IV અને II ચરણ

**12.** જો બિંદુ P થી $x$-અક્ષ પરનું લંબ અંતર 5 એકમ હોય અને લંબનો લંબપાદ $x$-અક્ષની ઋણ દિશામાં આવેલો હોય, તો બિંદુ P નો .......... છે.

(A) $x$-યામ = –5 (B) $y$-યામ = માત્ર 5

(C) $y$-યામ = માત્ર – 5 (D) $y$-યામ = 5 અથવા –5

**13.** બિંદુઓ O (0, 0), A (3, 0), B (3, 4), C (0, 4) નું નિરૂપણ કરો અને OA, AB, BC અને CO જોડો, તો નીચેનામાંથી .......... આકૃતિ મળશે.

(A) ચોરસ (B) લંબચોરસ (C) સમલંબ ચતુષ્કોણ (D) સમબાજુ ચતુષ્કોણ

**14.** જો P (–1, 1), Q (3, – 4), R (1, –1), S (–2, –3) અને T (– 4, 4) નું આલેખ પત્ર ઉપર નિરૂપણ કરો ત્યારે ચોથા ચરણમાં .......... બિંદુઓ છે.

(A) P અને T (B) Q અને R (C) માત્ર S (D) P અને R

**15.** જો બે બિંદુઓના યામ P (–2, 3) અને Q (–3, 5) હોય તો (Pનો કોટિ) – (Qનો કોટિ) = .......... છે.

(A) –5 (B) 1 (C) –1 (D) –2

**16.** જો P (5, 1), Q (8, 0), R (0, 4), S (0, 5) અને O (0, 0) નું આલેખ પત્ર પર નિરૂપણ કરો તો *x*-અક્ષ પર બિંદુઓ .......... છે.

(A) P અને R (B) R અને S (C) માત્ર Q (D) Q અને O

**17.** .......... માં બિંદુઓની કોટિ ધન છે.

(A) I અને II ચરણો (B) I અને IV ચરણો (C) માત્ર I ચરણ (D) માત્ર II ચરણ

**18.** જે બિંદુઓની કોટિ અને ભુજનાં ચિહ્ન જુદા જુદા હોય તે બિંદુઓ .......... માં હશે.

(A) I અને II ચરણો (B) II અને III ચરણો

(C) I અને III ચરણો (D) II અને IV ચરણો

**19.** આકૃતિ 3.1માં, P ના યામ .......... છે.

(A) (– 4, 2) (B) (–2, 4)

(C) (4, –2) (D) (2, – 4)




આકૃતિ 3.1

**20.** આકૃતિ 3.2 માં, (–5, 3) યામવાળું બિંદુ .......... છે.

(A) T (B) R

(C) L (D) S

**21.** .......... બિંદુનો ભુજ 4 છે અને તે *y*-અક્ષ પર છે.

(A) (4, 0) (B) (0, 4)

(C) (1, 4) (D) (4, 2)

**22.** બિંદુઓ P(0, 3), Q (1, 0), R(0, –1), S (–5, 0), T (1, 2) પૈકી .......... બિંદુઓ *x*-અક્ષ પર નથી.

(A) માત્ર P અને R (B) માત્ર Q અને S

(C) P, R અને T (D) Q, S અને T

**23.** *y*-અક્ષની ઋણ દિશામાં *y*-અક્ષ પર 5 એકમ અંતરે .......... બિંદુ આવેલું છે.

(A) (0, 5) (B) (5, 0)

(C) (0, –5) (D) (–5, 0)




આકૃતિ 3.2

**24.** બિંદુ P (3, 4) થી $y$-અક્ષ સુધીનું લંબઅંતર .......... છે.

(A) 3 (B) 4 (C) 5 (D) 7

## કારણ સહિત ટૂંક જવાબી પ્રશ્નો

**ઉદાહરણ 1 :** નીચેનાં વિધાનો સત્ય છે કે અસત્ય ? તમારા જવાબ માટે કારણ આપો.

(i) બિંદુ (0, –2) એ $y$-અક્ષ પર છે.

(ii) બિંદુ (4, 3) નું $x$-અક્ષથી લંબઅંતર 4 છે.

**ઉકેલ :** (i) સત્ય, કારણ કે $y$-અક્ષ પર બિંદુના યામ $(0, y)$ છે.

(ii) અસત્ય, કારણ કે $x$-અક્ષથી બિંદુનું લંબઅંતર એ તેનો ભુજ છે. તેથી તે 3 છે, પરંતુ 4 નથી.

## સ્વાધ્યાય 3.2

**1.** નીચેનાં વિધાનો સત્ય છે કે અસત્ય ? તમારા જવાબ માટે કારણ આપો.

(i) બિંદુ (3, 0) એ પ્રથમ ચરણમાં છે.

(ii) બિંદુ (1, –1) અને (–1, 1) એ એક જ ચરણમાં છે.

(iii) એક બિંદુના ભુજ $-\frac{1}{2}$ અને કોટિ 1 છે, તો તેના યામ $\left(-\frac{1}{2}, 1\right)$ છે.

(iv) એક બિંદુ $x$-અક્ષથી 2 એકમ અંતરે $y$-અક્ષ પર આવેલું છે. તેના યામ (2, 0) છે.

(v) (–1, 7) બિંદુ બીજા ચરણમાં છે.

## ટૂંક જવાબી પ્રશ્નો

**ઉદાહરણ 1 :** બિંદુ P (– 6, 2) નું નિરૂપણ કરો અને PM અને PN અનુક્રમે $x$-અક્ષ અને $y$-અક્ષ પર લંબ દોરો. બિંદુઓ M અને N ના યામ લખો.

**ઉકેલ :**




આકૃતિ 3.3

આલેખ પર, આપણે જોઈ શકીએ કે M (– 6, 0) અને N (0, 2) છે.

**ઉદાહરણ 2 :** આકૃતિ 3.4 પરથી નીચેના જવાબ લખો :

(i) B, C અને E ના યામ લખો.

(ii) (0, –2) યામવાળું બિંદુ ઓળખી બતાવો

(iii) બિંદુ H ની કોટિ લખો.

(iv) બિંદુ D નો ભુજ લખો.




આકૃતિ 3.4

**ઉકેલ :** (i) B = (–5, 2), C = (– 2, – 3), E = (3, –1)

(ii) F

(iii) 1

(iv) 0

## સ્વાધ્યાય 3.3

**1.** આકૃતિ 3.5 માંથી બિંદુઓ P, Q, R, S, T અને O ના યામ લખો.




આકૃતિ 3.5

**2.** નીચેનાં બિંદુઓને ક્રમમાં જોડો અને બનતી આકૃતિનું નામ જણાવો.

P(–3, 2), Q (–7, –3), R (6, –3), S (2, 2)

**3.** નીચે કોષ્ટકમાંથી બિંદુઓ $(x, y)$ નું નિરૂપણ કરો.

| $x$ | 2 | 4 | –3 | –2 | 3 | 0 |
|---|---|---|---|---|---|---|
| $y$ | 4 | 2 | 0 | 5 | –3 | 0 |

**4.** નીચેનાં બિંદુઓનું નિરૂપણ કરો અને ચકાસો કે તેઓ સમરેખ છે કે નહિ :

(i) (1, 3), (–1, –1), (–2, –3) (ii) (1, 1), (2, –3), (–1, –2)

(iii) (0, 0), (2, 2), (5, 5)

**5.** નીચેનાં બિંદુઓનું નિરૂપણ કર્યા વગર જણાવો કે તેઓ કયા ચરણમાં આવશે.

(i) ભુજ 5 છે અને કોટિ –3 છે. (ii) કોટિ –5 છે અને ભુજ –3 છે.

(iii) કોટિ – 5 છે અને ભુજ 3 છે. (iv) ભુજ 5 છે અને કોટિ 3 છે.

**6.** આકૃતિ 3.6 માં, $y$-અક્ષને સમાંતર 3 એકમ અંતરે LM રેખા છે.

(i) બિંદુઓ P, R અને Q ના યામ શું છે ?

(ii) બિંદુઓ L અને M ની કોટિનો તફાવત કેટલો છે ?




આકૃતિ 3.6

**7.** નીચેનાં બિંદુઓ કયા ચરણમાં અથવા કયા અક્ષ પર આવેલા છે ?

(–3, 5), (4, –1), (2, 0), (2, 2), (–3, –6)

**8.** નીચેનામાંથી કયાં બિંદુઓ $y$-અક્ષ પર છે ?

A (1, 1), B (1, 0), C (0, 1), D (0, 0), E (0, –1), F (–1, 0), G (0, 5), H (– 7, 0), I (3, 3).

**9.** નીચેના કોષ્ટકમાંથી બિંદુઓ $(x, y)$ નું નિરૂપણ કરો.

સ્કેલમાપ 1 સેમી = 0.25 એકમ લો.

| | | | | |
|---|---|---|---|---|
| $x$ | 1.25 | 0.25 | 1.5 | – 1.75 |
| $y$ | – 0.5 | 1 | 1.5 | – 0.25 |

**10.** એક બિંદુ $y$-અક્ષથી 7 એકમ અંતરે $x$-અક્ષની ધન દિશા પર આવેલું છે. તેના યામ લખો. જો તે બિંદુ $x$-અક્ષથી 7 એકમ અંતરે $y$-અક્ષની ઋણ દિશામાં હોય તો તેના યામ શું હોય ?

**11.** નીચેના બિંદુઓના યામ શોધો :

(i) તે $x$-અક્ષ અને $y$-અક્ષ બંને પર આવેલું છે.

(ii) તેનો ભુજ – 4 છે અને તે $y$-અક્ષ પર છે.

(iii) તેની કોટિ 5 છે અને તે $x$-અક્ષ પર છે.

**12.** 0.5 સેમી = 1 એકમ સ્કેલમાપ લઈ નીચેના બિંદુઓનું આલેખપત્ર પર નિરૂપણ કરો :

A (1, 3), B (–3, –1), C (1, – 4), D (– 2, 3), E (0, – 8), F (1, 0)

## વિસ્તૃત જવાબી પ્રશ્નો

**ઉદાહરણ 1 :** લંબચોરસનાં ત્રણ શિરોબિંદુઓ (3, 2), (– 4, 2) અને (– 4, 5) નું નિરૂપણ કરો અને તેના ચોથા શિરોબિંદુના યામ શોધો.

**ઉકેલ :** લંબચોરસનાં ત્રણ શિરોબિંદુઓ A(3, 2), B(– 4, 2), C(– 4, 5) નું યામ સમતલમાં નિરૂપણ કરો. (જુઓ આકૃતિ 3.7)




આકૃતિ 3.7

આપણે લંબચોરસ ABCD ના ચોથા શિરોબિંદુ D ના યામ શોધીશું. લંબચોરસમાં સામ-સામેની બાજુઓ સમાન છે. તેથી D ની કોટિ એ A ની કોટિ બરાબર છે, એટલે કે 3 અને D નો ભુજ એ C ના ભુજ બરાબર છે, એટલે કે 5 છે તેથી D ના યામ (3, 5) છે.

## સ્વાધ્યાય 3.4

**1.** ચોરસ ABCD નાં ત્રણ શિરોબિંદુઓ A (5, 3), B(–2, 3) અને D (5, – 4) છે. આલેખપત્ર પર આ બિંદુઓનું નિરૂપણ કરો અને બિંદુ C ના યામ શોધો.

**2.** એક લંબચોરસની લંબાઈ અને પહોળાઈ અનુક્રમે 5 અને 3 એકમ છે, એક શિરોબિંદુ ઊગમબિંદુ છે. લાંબી બાજુ x-અક્ષ પર અને એક શિરોબિંદુ ત્રીજા ચરણમાં આવેલું છે, તો લંબચોરસનાં શિરોબિંદુઓનાં યામ લખો.

**3.** બિંદુઓ P (1, 0), Q (4, 0) અને S (1, 3) નું નિરૂપણ કરો. PQRS ચોરસ બને તે રીતે બિંદુ R ના યામ શોધો.

**4.** આકૃતિ 3.8 માંથી નીચેના જવાબ આપો :

(i) જેની કોટિ 0 છે, તે બિંદુ લખો.

(ii) જેનો ભુજ 0 છે, તે બિંદુ લખો.

(iii) જેની કોટિ –5 છે, તે બિંદુ લખો.

**5.** બિંદુઓ A (1, –1) અને B (4, 5) નું નિરૂપણ કરો.

(i) આ બિંદુઓને જોડતો રેખાખંડ દોરો. બિંદુઓ A અને B ની વચ્ચે રેખાખંડ પર આવેલા બિંદુના યામ લખો.

(ii) આ રેખાખંડને લંબાવો અને રેખાખંડ AB ની બહાર આવેલા આ રેખા પરના બિંદુઓના યામ લખો.




આકૃતિ 3.8